# સાબરમતી પોલીસ સ્ટેશન

# અમદાવાદ શહેર

# ફોન નંબર-૦૭૯૨૭૫૦૬૮૧૯

## <u>પ્રેસનોટ</u>

### <u>સાબરમતી વિસ્તારમાંથી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડતા કુલ ૦૬ (છ) સ્ત્રી-પુરૂષોને કુલ્લે રૂપિયા ૩૧,૫૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ</u>

મેં પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા તથા સર્વેલન્સ પો.સ.ઇ.શ્રી ડી.જી.બડવા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ પો.કો. ઉગાભાઇ રવજીભાઇ બ.નં-૧૧૮૪૬ તથા લોકરક્ષક અજ્યકુમાર નરસિંહભાઇ બ.નં-૧૪૦૨ નાઓને ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે સાબરમતી પાવર હાઉસ તલાજી ભુતાજીની ચાલીના નાકા આગળ ખુલ્લી જગ્યામાં કેટલીક મહીલા તથા પુરૂષો ગોળ કુંડાળુવળી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે. જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેડ કરતા કુલ ૦૬ (છ) સ્ત્રી–પુરૂષોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગજડતીના નાણા રૂપિયા ૨૬,૮૦૦/- તથા દાવના નાણા રૂપિયા ૪,૭૦૦/- તેમજ ગંજીપાના ૫૨ કિંમત્ત રૂપિયા ૦૦/૦૦ મળી કુલ્લે રૂપિયા ૩૧,૫૦૦/- નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ તમામ આરોપીઓ વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી નં-૩૦૯૪/૨૦૧૯ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી જુગારનો ગાણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આગળની તપાસ ઇન્વે. આસી.પો.સબ.ઇન્સ.શ્રી મહોબતસિંહ પૃથ્વીસિંહ બ.નં-૭૫૯૪, નાઓએ સંભાળે છે તા-૧૩/૦૮/૨૦૧૯